**હાઈવે સીક્યુરીટી અને ટ્રોમા આસીસ્ટન્સ યુનીટ પ્રોગ્રામનું અમલીકરણ માર્ગ અકસ્માત નોંધણી ફોર્મ નિયત કરવા બાબત.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ-પરચ/૧૦૨૦૦૪/૨૦૪૨/વ.
સચિવાલય,ગાંધીનગર.
તારિખઃ- 16 JAN 2006

**પરિપત્ર :-**

રાજયમાં આવેલ રાષ્ટ્રીય ધોરી માર્ગો /રાજય ધોરી માર્ગો પર થતા અકસ્માતોમાં ઘાયલ લોકોને ત્વરિત તબિબી સહાય મળે અને પરિણામે અકસ્માતોની અસર શકય તેટલી હળવી કરવાના હેતુ થી આ વિભાગના તા.૮/૧૨/૦૪ ના સમાનાંકી ઠરાવથી " હાઈવે સીક્યુરીટી અને ટ્રોમા આસીસ્ટન્સ યુનીટના કાર્યક્રમ અમલીકરણ માટે સમિતિ" ની રચના કરવામાં આવેલ. સમિતિએ કરેલ ભલામણોની વિચારણા કરતાં અકસ્માત નોંધણી ફોર્મ નિયત કરવાની ભલામણ અમલમાં મુકવાનો સરકારે નિર્ણય કરેલ છે.

(૨) ભારત સરકારના માર્ગ વાહન વ્યવહાર અને ધોરીમાર્ગ વિભાગ તરફથી રાજયના માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં મળેલ વિગતોના અનુસંધાને આ સાથે જોડવામાં આવેલ અકસ્માત નોંધણી ફોર્મ આથી બહાર પાડવામાં આવે છે. રાજયમાં આવેલ ધોરીમાર્ગો તથા અન્ય માર્ગો પર અકસ્માત થતાં, અકસ્માતનો ભોગ બનેલ વ્યકિતના કિસ્સામાં આ ફોર્મમાં વિગતો ભરવાની રહેશે. આરોગ્ય વિભાગ હેઠળના આરોગ્યકેન્દ્રો,દવાખાના,જાહેર કરવામાં આવેલ કે આવનાર હાઈવે અકસ્માત ટ્રોમા સેન્ટર,પોલીસ સ્ટેશન,અન્ય સેવા સંસ્થાઓ અથવા એવી સરકારી કે બિન સરકારી સંસ્થાઓ – જે માર્ગ અકસ્માતનો ભોગ બનેલ વ્યકિતને તબિબિ સહાય/ સારવાર માટે કાર્યરત છે તે તમામ પાસે આવા અકસ્માત નોંધણી ફોર્મ ઉપલબ્ધ કરાવવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી,ગાંધીનગરને આથી સૂચનાઓ આપવામાં આવે છે. સચિવાલાય ખાતે ગૃહ વિભાગ પાસેથી પણ આવાં ફોર્મ મેળવી શકાશે.

(૩) માર્ગ અકસ્માતની બાતમી મળતાં જે તે ટ્રોમા સેન્ટર,આરોગ્ય કેન્દ્ર કે અન્ય કચેરી/ સંસ્થાના કર્મચારીઓ અકસ્માતના સ્થળે પહોંચી જાય ત્યારે આવા અકસ્માત નોંધણી ફોર્મ પણ સાથે જ રાખે અને તેમણે અસરગ્રસ્તને આરોગ્ય કેન્દ્ર / દવાખાના / ટ્રોમા સેન્ટર ખાતે તબિબિ સારવાર માટે પહોંચાડવા અને અનુકૂળ સમયે અકસ્માત નોંધણી ફોર્મમાં વિગતો ભરવાની કાળજી લેવી. ભરેલ ફોર્મ અકસ્માત સ્થળના જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/ કર્મચારીને સોંપવુ. સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીએ આવા ફોર્મમાં સહી કરવાની રહેશે,તથા અકસ્માતનો ભોગ બનેલ વ્યકિત કે તેના નજીકના સગા ઈચ્છે તો તેની નકલ તેમને પણ આપી શકાશે. અકસ્માતના પરિણામે અવસાન પામનાર વ્યકિત માટે પણ આવુ ફોર્મ આ જ રીતે ભરવાનું અને નિભાવવાનું રહેશે. આવુ ફોર્મ એક અધિકૃત રેકર્ડ ગણાશે.

આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અને સમયાંતરે જરૂરી માહિતી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરને મોકલવાની કાળજી લેવા સર્વે સંબંધિતોને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. ડી. સુથાર )
ઉપસચિવ,
ગૃહવિભાગ.

બિડાણઃ- અકસ્માત નોંધણી ફોર્મ.

પ્રતિ,
-નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
- મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રી/રાજયકક્ષાનામંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવાલયના તમામ વિભાગો.
--અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-ગૃહ વિભાગના તમામ અધિકારીઓ/ તમામ શાખાઓ. સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન ગાંધીનગર.
-રાજયના તમામ પોલીસ કમિશનરશ્રીઓ,
-દરેક જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રીઓ,
- રાજયના તમામ પોલીસ સ્ટેશનો.
-પસંદગી ફાઈલ.

એનેક્ષર-૨

# અકસ્માત નોંધણી ફોર્મ

ગુજરાત સરકાર

નોંધણી નંબર

1. અકસ્માત સમય અને તારીખ

| | | | |
|---|---|---|---|
| તારીખ | | સમય | |

2. સ્થળ

| | | | | |
|---|---|---|---|---|
| a. રોડ નુ નામ / નંબર | | | b. કિ મી | |
| c. રોડ વર્ગીકરણ | 1. નેશનલ હાઈવે 2. સ્ટેટ હાઈવે 3. અન્ય રોડ | | d. એરિયા* | શહેરી / ગ્રામ્ય |
| e. જંકશન નજીક હોય તો | સ્ટોપ સાઈન | (હા / ના) | f. ચાર રસ્તાનું નામ | |
| | ટ્રાફીક લાઇટ / સિગ્નલ | (હા / ના) | | |
| | ચકકર | (હા / ના) | | |
| g. જો ડિવાઇડેડ રોડ પર હોય તો | સાઈડ: જતાં / આવતાં કી મી | | એકસીડેન્ટ ડાયાગ્રામ અલગથી બનાવવી | |
| h. અકસ્માતનું સ્થળ વળાંક પર છે? | (હા / ના) | | | |

*એરિયા પોલિસ સ્ટેશન હદ પ્રમાણે

3. વાતાવરણ: (1. ચોખ્ખુ 2. વાદળ છાયુ 3. ધુમ્મસવાળુ 4. હલકો વરસાદ 5. ભારે વરસાદ 6. અન્ય)

4. રસ્તા સપાટી પરિસ્થિત (1. સુકુ 2. ભીનું 3. તેલીય)

5. અકસ્માત પ્રકાર (1. ગંભીર 2. વધારે ઇજા 3. ઓછી ઈજા 4. ઈજા થયા વગર)

6. રોડ ફર્નીચર સાથે હોય તો (1. ડીવાઈડર 2. સ્ટ્રીટ લાઇટ 3. સિગ્નલ 4. ફૂટપાથ 5. રેલીંગ 6. કિમી પથ્થર 7. ફેન્સીંગ 8. ક્રેશ બેરીયર 9. ઝાડ 10. અન્ય વિગત આપો)

7. વાહન રસ્તે ચાલતાં માણસ પશુ અને અથવા અનય વસ્તુ સામેલ હોય (દરેક ની અલગ નોંધ કરવી જો ત્રણ કરતાં વધારે હોય તો બીજુ ફોર્મ વાપરવું)

| સામેલ થયેલ વાહન | | |
|---|---|---|
| ક્રમ | વાહનનો પ્રકાર | રજીસ્ટ્રેશન નંબર |
| 1 | | |
| 2 | | |
| 3 | | |

| રસ્તે ચાલતા માણસ પશુ અન્ય સામેલ | |
|---|---|
| ક્રમ | પ્રકાર વર્ણવો |
| 1 | |
| 2 | |
| 3 | |

8. અકસ્માત નાં ભોગ બનેલ વ્યક્તિઓ (દરેક માટે અલગ નોંધણી કરવી જો કોઈ ન હોય તો ખાલી છોડવું જો સાત કરતાં વધારે હોય તો બીજુ ફોર્મ ભરવું)

| વાહનનો પ્રકાર | ઇજાગ્રસ્ત વ્યકિત નંબર | વર્ણન* | ઉંમર | જાતિ | ઇજાનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |
| | | | | પુ/સ્ત્રિ | |

ઇજાનો પ્રકાર 1. સ્થળ પર મત્યુ 2. હોસ્પીટલમાં મત્યુ 3. ગંભીર ઇજા 4. હળવી ઇજા

* વર્ણન 1. ડ્રાઇવર 2. અન્ય પેસેન્જર 3. રસ્તે ચાલતાં

9. અકસ્માત નાં કારણો (લાગુ પડતા બાબાજ ટીક કરો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| દારૂ અથવા ડ્રગ | ☐ | વધારે ગતિ | ☐ | વાહનનો યાંત્રિક ફોલ્ટ | ☐ |
| રસ્તા ઉપરના પશુ | ☐ | રોડની સ્થિતિ | ☐ | અન્ય | ☐ |
| રસ્તે ચાલતા માણસ | ☐ | વાતાવરણ | ☐ | | |
| ખામી ભર્યું ડ્રાઈવીંગ | ☐ | ઓવરલોડ / ઓવર સાઇઝ | ☐ | | |

10. ચકાસણી અધિકારી

નામ હોદ્દો

પોલિસ સ્ટેશન

બીજા પાના ઉપર વધારાની માહિતી છે    હા / ના

| | | | |
|---|---|---|---|
| ઓફિસકામ માટે | ફોર્મ આવૃતિ 1.6 – 03/01/2005 | એ આઇ એસ જી આર એમ એસ માં એન્ટ્રી કર્યા તારીખ | |

અકસ્માત નોંધણી ફોર્મ
ગુજરાત સરકાર

નોંધણી નંબર

**અકસ્માત ડાયાગ્રામ**

**કોઇ સૂચન વર્ણન**